ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
મંગળવાર ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

» અંગ્રેજો ડાંગરની ખેતી જોવા સૌપ્રથમ ખજૂરડી ગામે આવ્યા હતા

» ગામની ધુરા યુવા શિક્ષિત દંપતીના હાથમાં, 60 ટકા પાટીદારો એનઆરઆઈ

ટાઉન ટોક

# વર્ષો પહેલા ખજૂરીનાં જંગલો હોવાથી વલસાડ તાલુકાના ગામનું નામ પડ્યું ખજૂરડી




વલસાડ તાલુકાનું એનઆરઆઈ પાટીદાર સમાજનું સૌથી મોટું ગામ એટલે ખજૂરડી ગામ. ગામનું નામ ભલે ખજૂરડી હોય પરંતુ અહીં હાલ ખજૂરડીનાં ઝાડ જોવા મળતાં નથી. વર્ષો પહેલાં ખજૂરડીનાં જંગલોના કારણે ગામનું નામ ખજૂરડી પડ્યું હતુ, પરંતુ કાંટાળા ઝાડના કારણે અહીંના ખેડૂતોની તકલીફ વધતી જતી હોય તેને કાપી અહીં આંબા અને ચીકુનાં ઝાડો વાવ્યાં હતાં. આજે ગામમાં જ્યાં જુઓ ત્યાં આંબાવાડી અને ચીકુવાડી જ જોવા મળી રહી છે. આ ગામ ડાંગરની ખેતી માટે પણ વર્ષો અગાઉ જાણીતું હતું. અંગ્રેજો ડાંગરની ખેતી જોવા સૌપ્રથમ ખજૂરડી ગામે આવ્યા હોવાનું વૃદ્ધો જણાવી રહ્યાં છે. અહીં આવનારા કેટલાક અંગ્રેજોને એવું લાગતું કે, ડાંગરનાં ઝાડ હશે, પરંતુ ડાંગરનો પાક જોઈ તેઓ અચંબિત થઈ ગયા હોવાનું અહીંના વૃદ્ધોએ જણાવ્યું હતું. આ ગામ પાટીદારો અને હળપતિ સમાજનું ગામ કહેવાય છે. અહીં પાટીદારોનાં 350 ઘર છે અને ઘરદીઠ એકથી વધુ સભ્ય એનઆરઆઈ છે. અહીં 60 ટકા પાટીદારો એનઆરઆઈ છે. જેમની મદદથી ગામની અનોખી સમૃદ્ધિ આવી છે. આ ગામમાં પ્રવેશો એટલે અલગ જ અનુભૂતિ થાય. ગામમાં અસ્સલ પાટીદારોને જૂની ઢબના હિંચકાવાળાં ઘર પણ જોવા મળે છે અને અત્યાધુનિક બંગલા પણ જોવા મળે છે, પરંતુ બંગલાના ઓટલે પણ હીંચકો તો અચૂક જોવા મળે જ છે. આ ગામમાં સૌથી વધુ વસતી હળપતિઓની છે. ત્યારબાદ પાટીદાર અને ત્યારબાદ 2થી 5 ટકા વસતી અન્ય સમાજની છે. પાટીદાર(કણબી) અને હળપતિઓની વસતી ધરાવતું આ ગામ વર્ષોથી સમરસ બન્યું છે. હાલ ગામની ધરા યુવા શિક્ષિત દંપતીના હાથમાં છે. પાટીદાર સમાજના એન્જિનિયર અને વિદેશ અભ્યાસ કરી આવેલા યુવાન સ્નેહલ પટેલ અહીંના સરપંચ છે. જ્યારે તેમના એન્જિનિયર પત્ની વલસાડ તાલુકા પંચાયતના સભ્ય અને માજી ઉપપ્રમુખ છે. જેમના થકી ગામની રોનક જ બદલાઈ ગઈ છે. આ ગામમાં બાળકોથી લઈ વૃદ્ધો સુધીના લોકો માટે મનોરંજનનાં સાધનો રખાયાં છે. નાનકડા ગામમાં હાલ તબીબી સેવાના નામે એક પીએચસી પણ નથી. જેના માટે પડોશના ગામે જવું પડતું હોય છે, પરંતુ આ ગામ એટલું સમૃદ્ધ છે કે, અહીં એક બેંક છે. વલસાડ તાલુકાનું ખૂબ જ વિકસિત કહી શકાય એવું આ ખજૂરડી ગામ સુરત તાલુકાના એનઆરઆઈ ગામોને ટક્કર આપે એવું બની રહ્યું છે. ગામની શોભા અને તેની આભા જ કંઈ અલગ છે. વર્ષો જૂના આ ગામના નાનકડા ડેરા (મંદિરો)નું પણ અનેક મહત્ત્વ છે અને તેની લોકવાયકા છે. જેના માટે ખેતી સારી રહે એ માટે ભવાની માતાની માનતા રાખવામાં આવે છે. ઉપરાંત અહીં કુંવારિકા માતાના ડેરા પર પણ ગામના લોકોને અતૂટ વિશ્વાસ છે. ગામના પાટીદાર સમાજના ખેડૂતો ગામમાં જ નહીં, પરંતુ વિદેશમાં જઈને પણ ખેતીક્ષેત્રે પોતાનું નામ કરી રહ્યા છે. અહીંના અનેક યુવાનો ગામના એક પરિવાર થકી દક્ષિણ આફ્રિકામાં સ્થાયી થયા છે. જ્યાં તેઓ ખૂબ જ મોટા પ્રમાણમાં ખેતી કરી રહ્યા છે અને પોતાના ગામનું નામ રોશન કરી રહ્યા છે. આ એનઆરઆઈ થકી અહીં એક ટ્રસ્ટનું પણ ગઠન થયું છે. જેના થકી ગામમાં શિક્ષણથી લઈ સામાજિક ક્ષેત્રમાં અનેક સેવાનાં કાર્યો પણ થઈ રહ્યાં છે.



## ખજૂરડી ગામના વતની આફ્રિકામાં ખેડૂત પણ બન્યા અને બિલ્ડર પણ

ખજૂરડી ગામના 60 ટકા પાટીદારો એનઆરઆઇ છે. અહીંનો એક પરિવાર દક્ષિણ આફ્રિકા ગયો અને ત્યાં તેમણે ખેતીની શરૂઆત કરી હતી, જેમાં રાકેશ રમણભાઇ પટેલ અને યોગીન રમણભાઇ પટેલે સાઉથ આફ્રિકામાં હજારો એકર જમીનમાં મોટા પાયે ખેતી કરે છે. મૂળ ખેડૂત એવા આ પાટીદારો દક્ષિણ આફ્રિકામાં રોજ હજારો ટન ટામેટાં, અવાકાડો, કેપ્સિકમ, લસણ, હળદર બટાકાની ખેતી કરી રહ્યા છે. જેને તેઓ અન્ય દેશોમાં પણ સપ્લાય કરી રહ્યા છે. તેઓની ગણતરી દક્ષિણ આફ્રિકાના ટોચના ખેડૂતોમાં થઇ રહી છે. તેમના થકી ખજૂરડી ગામના 20થી વધુ યુવાનો દક્ષિણ આફ્રિકા જઇ રોજગારી મેળવી શક્યા છે. આ સિવાય ગામના કિરીટ રણછોડભાઇ પટેલે દક્ષિણ આફ્રિકામાં ખેતી બાદ બિલ્ડિંગ બાંધકામ ક્ષેત્રમાં કાઠું કાઢ્યું છે. તેઓ ત્યાં પહેલા ખેડૂત બન્યા અને હવે તેઓ બિલ્ડર બન્યા છે અને મોટાં મોટાં બિલ્ડિંગ્સ બનાવી રહ્યાં છે. તેમની આ સિદ્ધિ પર ગામના લોકો ગર્વ કરી રહ્યા છે. જ્યારે ગામના જનકભાઇ જીવણભાઇ પટેલે અમેરિકામાં મોટેલ સાથે એક ડે કેર હોમ તૈયાર કર્યું છે. વૃદ્ધોની સેવા માટેના ડે કેરના તેમના આ નવા સાહસની પણ ગામના અન્ય એનઆરઆઇ તેમજ ગામ લોકો પ્રેરણા લઇ રહ્યા છે.

## ગામના યુવાને ટેનિસ ક્રિકેટમાં કાઠું કાઢ્યું

ખજૂરડી ગામનો યુવન જીત જયંતીલાલ પટેલ ટેનિસ ક્રિકેટની દુનિયાનો માસ્ટર બ્લાસ્ટર કહેવાય છે. 6 બોલે 6 સિક્સ ફટકારે એવો આ ખેલાડી વેસ્ટર્ન ઝોનમાં જાણીતો બન્યો છે. જેની બેટિંગ જોવા માટે ક્રિકેટરસિયાઓ મેદાનમાં પહોંચી જતા હોય છે. જીતે સમગ્ર ગુજરાત જ નહીં, પરંતુ મુંબઇ અને મહારાષ્ટ્રમાં પણ પોતાની બેટિંગ થકી પોતાનું નામ બનાવ્યું છે અને ક્રિકેટરસિયાઓને મંત્રમુગ્ધ કરી દીધા છે. હાલ તે ખજૂરડી ગામે જ રહે છે, પરંતુ ટેનિસ ટુર્નામેન્ટમાં દેશમાં જ નહીં, વિદેશના પ્રવાસ પણ કરી રહ્યો છે.

## તળાવને ટુરિસ્ટ ડેસ્ટિનેશન બનાવવાની નેમ

ખજૂરડી ગામે વલસાડ તાલુકાનું બીજા નંબરનું મોટું તળાવ આવેલું છે. આ તળાવ કિનારે તેમનાં દ્વારા બાળકો માટે સુંદર ક્રિડાંગણ તો બનાવાયું છે, પરંતુ અહીં હજુ વધુ વિકાસ કરી તેઓ વન ડે પિકનિક ડેસ્ટિનેશન બને એવો વિકાસ કરવા ઇચ્છી રહ્યા છે. ગામના તળાવ કિનારે વોક વેના નિર્માણનો પ્લાન તૈયાર થઇ ગયો છે. જેનું અમલીકરણ પણ ચાલી રહ્યું છે. આ સાથે તળાવને લગોલગ એક ટેનિસ ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવાની પણ તેમની યોજના છે. ગામમાં ટેનિસનું ચલણ હોય અહીં તેઓ ઘાસ વિનાનું ટેનિસ બોલને અનુરૂપ હોય એવું ગ્રાઉન્ડ તૈયાર કરી રહ્યા છે. આ પ્રોજેક્ટ પણ લોકભાગીદારી સાથે તેઓ કરી રહ્યા છે. જેના થકી ગામની રોનક જ બદલાઇ જશે.




## દૂધ ઉત્પાદક અને ખાતર ઉત્પાદક મંડળી ગામની જીવાદોરી

વલસાડ તાલુકાના નાનકડા એવા ખજૂરડી ગામે બે સહકારી મંડળીઓ કાર્યરત છે. ખેતી પર નભતા આ ગામમાં ખજૂરડી સેવા સહકારી ખાતરની મંડળી ચાલી રહી છે. અહીં તૈયાર થતા ખાતરનો લાભ ગામ જ નહીં, આજુબાજુના ખેડૂતોને પણ મળી રહે છે. આ સિવાય અહીં ખજૂરડી દૂધ ઉત્પાદક મંડળી પણ ચાલી રહી છે. જેનો લાભ પણ આ પંથકનાં ગામોને થઇ રહ્યો છે. આ બે મંડળી ગામની જીવાદોરી બની છે.









## યુવા દંપતીએ ગામની રોનક બદલી કાઢી

ખજૂરડી ગામના યુવા સરપંચ સ્નેહલભાઇ પટેલ અને તેમનાં પત્ની અને તાલુકા પંચાયતનાં સભ્ય એવા દેવાંશીબેન પટેલે ગામની રોનક બદલી કાઢી છે. સ્નેહલ અને દેવાંશી બારડોલી એન્જિનિયરિંગ કોલેજમાં ભણ્યાં હતાં. ત્યાં અભ્યાસ દરમિયાન તેઓ સુરત જિલ્લાના સમૃદ્ધ ગામો જોતા હતા. જેનું વિઝન તેમની પાસે હતું. જ્યારે ગામનું સુકાન સ્નેહલ પાસે આવ્યું અને પત્ની તાલુકા પંચાયત સભ્ય બની ત્યારથી આ યુવા દંપતીએ ગામની શકલ બદલી કાઢી હતી. ગામના એનઆરઆઇ પરિવારોની મદદથી ગામમાં સુશોભિત કરવાથી લઇ અહીં સાંસ્કૃતિક હોલ, સીસી ટીવી કેમેરા, સુંદર સ્મશાન જેવા અનેક કાર્ય કર્યાં છે. ગામની આવક નજીવી છે, પરંતુ તેઓ સરકારી ગ્રાન્ટ મેળવી અને લોક ભાગીદારીથી ગામનો વિકાસ કરાવી રહ્યા છે. ગામમાં નલ સે જલની સ્કીમ આવી ન હોવા છતાં પોતાના ખર્ચે તેઓ ઘર ઘર સુધી પાણી પહોંચાડવાનું કાર્ય કરી રહ્યા છે.